# ગુજરાત રાજ્ય અને જૂનાગઢ જિલ્લાની વસ્તીના આંકડાની સરખામણી: સ્ત્રી-પુરૂષ અસમાનતા સંદર્ભમાં દષ્ટિએ

આર. એચ. પરમાર
આસીસ્ટન્ટ પ્રોફેસર,
એન. પી. કોલેજ, કેશોદ

## ૧. પ્રાસ્તાવિક

પ્રાદેશિક પછાતપણું કોઈ એક ચોક્કસ ભૌગોલિક વિસ્તારનાં અલ્પ આર્થિક વિકાસનું સૂચક છે. પ્રદેશ-પ્રદેશ વચ્ચે રહેલી વિકાસની અસમાનતા માટે અનેક કારણો જવાબદાર છે. જો આવા કારણોને શોધીને તેમને દૂર કરવાનાં પ્રયાસો આયોજનબદ્ધ કરવામાં આવે તો સમતોલ વિકાસનું ધ્યેય હાંસલ કરી શકાય છે. ગુજરાત અને તમામ જિલ્લાઓનાં વિકાસનાં સંદર્ભમાં પણ વિકાસની અસમાનતા અનેક બાબતોમાં જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત અને અભ્યાસ હેઠળનાં જૂનાગઢ જિલ્લાની કેટલીક આર્થિક-સામાજિક બાબતોની સરખામણી કરવામાં આવી છે. પરિણામે જૂનાગઢ જિલ્લાનું આર્થિક વિકાસનું વાસ્તવિક ચિત્ર સ્પષ્ટ થઈ શકે સરખામણીની આ બાબતોમાં કૃષિ વિકાસ, વસ્તી, શહેરી અને ગ્રામ્ય વસ્તી સ્ત્રી-પુરૂષ પ્રમાણ, વસ્તીવૃદ્ધિદરનો તફાવત, સાક્ષરતાનું પ્રમાણ, બાળવસ્તીનું પ્રમાણ, વસ્તીગીચતા, સ્ત્રી-પુરૂષ સાક્ષરતા, રહેઠાણનાં આધારે વસ્તીની માહિતી, ઉદ્યોગો, પીવાનું પાણી, ટોયલેટની સુવિધા, વીજળીની સગવડ, બેન્કિંગ સુવિધા, રેડિયોની સુવિધા, ટી.વી.ની સગવડ, સંદેશાવ્યવહારની સુવિધા, વાહનવ્યવહારની સગવડ વગેરે જેવી માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે. તેમનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ અહીં રજુ કરવામાં આવ્યું છે.

## ૨. ગુજરાતનું અર્થતંત્ર

ગુજરાત ભારતની પશ્ચિમ બાજુ આવેલો જિલ્લો છે. રાજ્યના નવનિર્માણ પછીથી છેક આજ સુધી ગુજરાતના અર્થતંત્રનું માળખું સતત બદલાતું રહયું છે. ફક્ત રાજ્યની GSDP NSDP માં વધારો થયો છે એવું નથી પરંતુ વિકાસના દરેક પરિમાણમાં સુધારણા નિર્દેશ કરે છે અને શહેરી અર્થતંત્ર તરીકે ઉભરી રહ્યું છે. ગુજરાતે આ પ્રગતિ માટે નમુનારૂપ અને વ્યુહાત્મક વિકાસના મુખ્ય ક્ષેત્ર જેવા કે ઉર્જા, ઉદ્યોગો અને ખેતી પર વધુ ભાર મુક્યો છે. રાજ્ય તરીકે અલગ દરજ્જો મળ્યા બાદ ગુજરાતે પ્રગતિ ના ઘણા સોપાનો સર કર્યા છે અને અન્ય રાજ્યો માટે આદર્શ તરીકેનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. સફળતા જો કે ઘણા બધા જુદા જુદા રસ્તેથી મળી છે. જેના મુખ્ય પ્રવાહમાં નવ પ્રવર્તન ને કારણે મળી છે. જેના મુખ્ય બે તબક્કા છે, તેમાંથી એક હરિત ક્રાંતિ કે જેની મદદથી ખેતીક્ષેત્રમાં ઉત્પાદકતામાં વધારો, ખેડૂતો અને ગામડાઓને સમૃધ્ધ બનાવવા અને બીજું સહકારી ક્રાંતિ દ્વારા સફેદ ક્રાંતિની મદદથી સ્ત્રીઓ સશક્ત બનાવવા અને ગ્રામ્ય ગુજરાતને મજબુત પીઠબળ પૂરું પાડ્યું. વળી બીજી તરફ નદીઓની વહેંચણી દ્વારા અને તેમાં પણ ખાસ કરીને નર્મદાના પાણી ગુજરાતના દરેક ખૂણે પહોંચે અને દરેક ગામડાને પીવાનું શુદ્ધ અને પુરતું પ્રમાણ ઉપલબ્ધ કરાવ્યું અને ગુજરાતના દરેક ઘરને ૨૪ કલાક વીજળીની સુવિધા પૂરી પાડી. આમ રાજ્યે દરેક પ્રશ્નને પડકાર અને દરેક પડકાર ને એક તકમાં પરિવર્તિત કરીને પ્રગતિનું દષ્ટાંત પૂરું પાડ્યું છે. રાજ્યના ઘણાખરા જિલ્લાઓમાં નર્મદાના પાણી પહોચી ચુક્યા છે. જેના માટે નર્મદા નદી પરના મહત્વકાંક્ષી સરદાર સરોવર પ્રોજેક્ટને આભારી છે. આ પ્રોજેક્ટમાં

રૂા.૩૫,૭૮૩ કરોડનું જેટલું મૂડીરોકાણ છેલ્લા ત્રણ દાયકાઓ દરમિયાન કરવામાં આવ્યું છે. જેની સાથે સાથે ખેતીમાં વૃદ્ધિ દર ૭%થી પણ વધુ છેલ્લા ૫ વર્ષોમાં મેળવી શકાયો છે. જે ભારતમાં સૌથી વધુ છે. ઉદારીકરણ પણ સ્પષ્ટ રીતે ગુજરાતમાં જોવા મળે છે. આર્થિક અને ઓધોગિક વિકાસના સંદર્ભમાં ગુજરાતે અન્ય રાજ્યો સમક્ષ આશાના અને મજબુત રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે.

### ૩. વસ્તી

વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧ મુજબ ગુજરાતની વસ્તી ૬.૦૪ કરોડ હતી, જેમાં ૨.૮૯ કરોડ સ્ત્રીઓ અને ૩.૧૫ કરોડ પુરૂષ વસ્તી છે. આ ઉપરાંત ગ્રામ્ય વસ્તી ૩.૪૭ કરોડ અને શહેરી વસ્તી ૨.૫૭ કરોડ જેટલી છે. આંકડાની દષ્ટિએ, ગ્રામ્ય વસ્તીમાં ૨૯.૩૦ લાખ અને શહેરી વસ્તીમાં ૬૭.૮૩ લાખનો વધારો છેલ્લા દાયકામાં નોંધાયો છે. ગુજરાત રાજ્ય ભારતના અન્ય રાજ્યોમાં વસ્તીની સરખામણીએ ૧૦મો અને વસ્તી ગીચતાની દષ્ટિએ ૨૧મો ક્રમાંક ધરાવે છે. ટકાવારી પ્રમાણના સંદર્ભમાં, ગુજરાત ભારતના ૫.૯૬% જેટલો વિસ્તાર અને ૪.૯૯% જેટલો ભારતની કુલ વસ્તીમાં ટકાવારી હિસ્સો ધરાવે છે. ટકાવારી પ્રમાણના સંદર્ભમાં ગ્રામ્ય વસ્તી ૫૭.૪૨% (છેલ્લા દાયકામાં ૫.૨૨% ઘટીને) કુલ વસ્તીના શહેરી વિસ્તારની ૪૨.૫૮% વસ્તી છે. ૨૧મી સદીમાં ગુજરાતની વસ્તી ૫.૦૭ કરોડ હતી. વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧ મુજબ, ૧૯.૧૭% ના છેલ્લા દાયકાના વૃદ્ધિ દર સાથે કુલ ૬.૦૪ કરોડ કુલ વસ્તી ધરાવે છે. આ સમયે ભારતનો વસ્તી વૃદ્ધિ દર ૧૭.૬૪% હતો. વળી, ગ્રામ્ય અને શહેરી વસ્તીના પ્રમાણમાં નોંધાયેલો વૃદ્ધિ દર અનુક્રમે ૯.૨૩% અને ૩૫.૮૩% જેટલો થયો છે. દેશનો જાતિ ગુણોતર પ્રમાણ ૨૦૦૧ માં ૯૩૩ હતો જે વર્ષ ૨૦૧૧માં ૭ પોઈન્ટ જેટલો વધીને ૯૪૦ થયો હતો. જયારે ગ્રામ્ય વિસ્તાર માટેનો આ પ્રમાણ ૨ પોઈન્ટ જેટલો ઘટીને ૯૪૫ વર્ષ ૨૦૦૧ થી ૯૪૭ વર્ષ ૨૦૧૧ થયો. વળી ભારતનો શહેરી વિસ્તાર માટેનો વર્ષ ૨૦૦૧ માટેનો ગુણોતર ૮૮૦ થી વર્ષ ૨૦૧૧ માં પણ જળવાઈ રહયો. અહીં રાજ્યનો આ પ્રમાણ ૯૧૮ છે જયારે દેશની આ સરેરાશ ૯૪૦ જેટલી હતી. શહેરી વિસ્તારના ૮૮૦ સરેરાશ હતી અને આ સમયે દેશની સરેરાશ ૯૨૬ હતી. વસ્તી ગણતરી અહેવાલ મુજબ રાજ્ય ૧૯૬૧ થી ૧૯૮૧ સુધી ઘટાડા તરફનું વલણ જોવા મળે છે. બાળ વસ્તીમાં ૦-૬ વય જુથમાં ૭૪.૯૪ લાખ રાજ્યનું કુલ પ્રમાણ અને ગ્રામ્ય ગુજરાતમાં આ પ્રમાણ ૪૬.૭૬ જયારે શહેરી ગુજરાતમાં આ પ્રમાણ ૨૮.૧૮ લાખ હતું. વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧ મુજબ દેશનું આ સ્તર નોંધપાત્ર રીતે બાળ જાતિ પ્રમાણમાં ઘટાડો સૂચવે છે, વર્ષ ૧૯૬૧થી સરેરાશ ૯૧૪ સૌથી વધુ ઓછું છે ૦-૬ વર્ષના વયજુથમાં જોવા મળે છે. જયારે બાળ જાતિ પ્રમાણ આ રાજ્ય વર્ષ ૨૦૧૧માં ૮૮૬ થી વર્ષ ૨૦૦૧ માં ૮૮૩ જેટલું થયું હતું.

વર્ષ ૨૦૧૧ ના વસ્તી ગણતરી અહેવાલ મુજબ રાજ્યની વસ્તી ગીચતા ૩૦૮ વ્યક્તિઓ પ્રતિ ચો.કિ.મી. જેટલું છે, જયારે વર્ષ ૨૦૦૧ માટે આ પ્રમાણ ૨૫૮ વ્યક્તિઓ પ્રતિ ચો.કિ.મી. હતું. છતાં પણ રાજ્યની આ વસ્તી ગીચતા નું આ પ્રમાણ દેશની સરેરાશ ૩૮૨ વ્યક્તિઓ પ્રતિ ચો.કિ.મી. હતી. વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧ મુજબ સાક્ષરતાનું પ્રમાણ ૭૯.૩૧% હતું. વળી ગ્રામ્ય વિસ્તાર માટે સાક્ષરતા પ્રમાણ ૭૩.૦૦% અને શહેરી વિસ્તાર માટે આ પ્રમાણ ૮૭.૫૮% હતું. દાયકા આધારિત બદલાયેલ પ્રમાણ ૧૦.૧૭ પોઈન્ટ જેટલો ફેરફાર, ગ્રામ્ય વિસ્તારમાં ૧૧.૭૧% અને ૫.૭૪% શહેરી વિસ્તાર માટે ફેરફારનું પ્રમાણ છે. પુરૂષ સાક્ષરતા પ્રમાણ ૮૭.૨૩% (ગ્રામ્ય ૮૩.૧૦% અને શહેરી ૯૨.૪૪% ) એ પ્રમાણ મહિલા સાક્ષરતા પ્રમાણ ૭૦.૭૩% (ગ્રામ્ય ૬૨.૪૧% અને શહેરી ૮૨.૦૮%)કરતા વધુ છે. જયારે મહિલા સાક્ષરતા આ વધારાનું પ્રમાણ કુલ ૧૨.૯૩%, ગ્રામ્ય વિસ્તાર માટે ૧૪.૫૭% અને શહેરી વિસ્તાર માટે ૭.૫૮% જેટલું નોંધનીય રીતે વધેલું જોવા મળ્યું છે. જે પુરૂષ સાક્ષરતા પ્રમાણ કુલ માં ૭.૫૭%, ગ્રામ્ય ૮.૯૯% અને શહેરી ૪.૧૦%

જેટલું છેલ્લા દાયકા દરમિયાન વધ્યું છે. અહીં એ નોંધનીય રીતે જોવા મળે છે કે સ્ત્રી અને પુરૂષ સાક્ષરતા પ્રમાણ વચ્ચે તફાવતમાં ઘટાડાનું આ પ્રમાણ ૧૬.૫૦ હતું જયારે ૨૧.૮૬ વર્ષ ૨૦૦૧ માં હતું. ગ્રામ્ય વિસ્તાર માટે તફાવતનું પ્રમાણ ૨૦.૬૯ અને શહેરી વિસ્તારમાં ૧૦.૩૬ જેટલું છે.

ટકાવારી પ્રમાણના સંદર્ભમાં ગુજરાત ૫.૯૬% જેટલો પ્રમાણ ભારતના કુલ વિસ્તારમાં અને ૪.૯૯% જેટલું ટકાવારી હિસ્સો વસ્તીના સંદર્ભમાં ધરાવે છે. કુલ ત્રણ જીલ્લાઓ જેવા કે અમદાવાદ, સુરત અને વડોદરા કુલ ૨૯% જેટલું પ્રમાણ ધરાવે છે. રાજ્યની કુલ ૫૦% વસ્તી ૭ જિલ્લાઓમાં જેવા કે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, બનાસકાંઠા, ભાવનગર અને જૂનાગઢમાં વહેંચાયેલી હતી. રાજ્યમાં અમદાવાદ જિલ્લો સૌથી વધુ વસ્તી ધરાવો છે, જે ૭૨.૦૮ લાખ જેટલી, ત્યારબાદ સુરત ૬૦.૭૯ લાખ જેટલી છે અને ડાંગ જિલ્લા સૌથી ઓછી વસ્તી ૨.૨૭ લાખ ધરાવે છે.

**(૧) શહેરી અને ગ્રામ્ય વસ્તી પ્રમાણ**

ટકાવારી પ્રમાણના સંદર્ભમાં, કુલ વસ્તીમાં ગ્રામ્ય વસ્તીનું પ્રમાણ ૫૭.૪૨% (૫.૨૨% જેટલું ઘટ્યું) અને શહેરી પ્રમાણ ૪૨.૫૮% (૫.૨૨% જેટલું ઘટ્યું). વસ્તી ગણતરી અહેવાલ મુજબ ૨૦૧૧ શહેરી વસ્તી ૨.૫૭% કરોડ, ૧.૯૯ કરોડ અને તે પૈકી ૭૭.૨૦% કુલ શહેરી વસ્તી નાના શહેરો અને પ્રથમ કક્ષાની શ્રેણીમાં આવતા શહેરી વિસ્તારમાં રહે છે. કુલ ૩૦ શહેરી સમૂહો અથવા નાના શહેરો પૈકી પ્રથમ કક્ષામાં ૪ શહેરો/શહેરી વિસ્તાર માં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટનો સમાવેશ થાય છે અને આ દરેક શહેર દસ લાખથી વધુ વસ્તી ધરાવે છે. કુલ ૧.૪૧ કરોડ (અથવા ૫૫.૦૧% શહેરી વસ્તી) આ ચાર દસ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં વસે છે.

**Table 1**

**રાજ્ય અને જૂનાગઢ જિલ્લાની કુલ વસ્તી:૨૦૧૧**

| District Code | State/ District | Population 2001 | | | Population 2011 | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Persons | Males | Females | Persons | Males | Females |
| 24 | Gujarat | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| 12 | Junagadh | 5 | 5 | 5 | 5 | 4 | 5 |

Source: census India 2011

ગુજરાતની કુલ વસ્તીનો દેશની વસ્તીમાં ટકાવારી હિસ્સો ૫% છે, અને જીલ્લા માટે આ પ્રમાણ રાજ્યના સંદર્ભમાં ૫% થી પણ ઓછું છે. આમ કુલ વસ્તીમાં ૨૦૧૦-૧૧ દરમિયાન પણ આ હિસ્સો રાજ્ય અને જીલ્લાના સંદર્ભમાં સરખો જ હતો. જેનું કારણ મુખ્યત્વે પોરબંદરનું અલગ જિલ્લા તરીકેનું વિભાજન હોઈ શકે. છતાં પણ જિલ્લો વસ્તી સંક્રમણના બીજા તબક્કામાં છે અને વસ્તી માં પોરબંદરની ગણતરી ધ્યાનમાં લેવામાં આવી નથી. આમ છતાં પણ વસ્તી ગીચતાનો નિર્દેશક વધુ સારું ચિત્ર રજુ કરી શકે તેમ છે.

**(૨) કુલ વસ્તીમાં સ્ત્રી-પુરૂષ પ્રમાણ**

**Table 2**

**કુલ વસ્તીમાં સ્ત્રી-પુરુષ વસ્તીનું ટકાવારી પ્રમાણ જૂનાગઢ અને ગુજરાતના સંદર્ભમાં વર્ષ ૨૦૦૧-૨૦૧૧ મુજબ**

| State/ District | Population 2001 | | | Population 2011 | | |
|---|---|---|---|---|---|---|
| | Persons | Males | Females | Persons | Males | Females |
| Gujarat | 100 | 52 | 48 | 100 | 52 | 48 |
| Junagadh | 100 | 51 | 49 | 100 | 51 | 49 |

Source: census India 2011

જાતિગત વસ્તી વિભાજન મુજબ, ગુજરાતમાં ૫૨% પુરૂષો અને ૪૮% સ્ત્રીઓ છે, જયારે જૂનાગઢ માટે કુલ વસ્તી નો વિભાજન ૫૧% પુરૂષો અને ૪૯% સ્ત્રીઓ છે. રાજ્ય અને જિલ્લા બેઉની સરખામણી કરતાં જણાય છે કે કુલ વસ્તીમાં બંને જગ્યાએ સ્ત્રીઓની સરખામણીમાં પુરૂષોની વસ્તી વધુ જોવા મળે છે. વળી આ વિભાજન રાજ્યમાં વધુ જોવા મળે છે. જૂનાગઢ જિલ્લો આ નિર્દેશકના સંદર્ભમાં સમાનતા દર્શાવે છે. "missing women" એવો ખ્યાલ સામાજિક – આર્થિક વિકાસના સંદર્ભમાં આ પ્રકારના આંકડાઓ પરથી ઉદભવ્યો હશે એવું માની શકાય.

આ જ નિર્દેશક સૂચવે છે કે હજી આપણો સમાજ પૈતૃક છે કે જ્યાં દીકરાને વધુ મહત્વ આપવામાં આવે છે અને તેના માટે ગર્ભમાં રહેલ ભ્રૂણના પરીક્ષણ સુધી જતા માતા-પિતા વાસ્તવમાં સ્ત્રીઓ માટેની અસમાનતા ઊભી કરે છે. આ સંદર્ભમાં જૂનાગઢ જિલ્લો પોતાના ખરાબ પ્રદર્શન ને કારણે દેશના દક્ષિણ-પશ્ચીમના રાજ્યો જેવું ચિત્ર ધરાવે છે.

**(૩) દાયકા આધારિત વસ્તી વૃદ્ધિ દરમાં તફાવત**

**Table 3**

**દાયકા આધારિત વસ્તી વૃદ્ધિદરમાં આવેલ તફાવત રાજય અને જૂનાગઢના સંદર્ભમાં વર્ષ ૨૦૦૧-૨૦૧૧**

| District Code | State/ District | Population 2001 | | |
|---|---|---|---|---|
| | | Persons | Males | Females |
| 24 | Gujarat | 19.17 | 19.32 | 19.01 |
| 12 | Junagadh | 12.01 | 12.15 | 11.87 |

Source: census India 2011

જિલ્લાની કુલ વસ્તીમાં દાયકાદીઠ થતો વધારો રાજ્યમાં થતા વધારા કરતાં ઝડપી છે, તેમાં પુરુષ વસ્તીનું પ્રમાણ ૩૪.૫% જેટલું વધ્યું છે જયારે રાજ્યનું આ પ્રમાણ ૧૯.૧૭% જેટલો વધારો સૂચવે છે. દાયકા આધારિત કુલ વસ્તીમાં થયેલ વધારાનું તફાવત પ્રમાણ ચકાસતા જણાય છે કે રાજ્યમાં ૧૫.૧૮% અને જિલ્લા માટે ૧૦.૪૦% જેટલો વધારો સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ માટે વધારો નોધાયો હતો. જે દર્શાવે છે કે પુરુષ વસ્તીનું પ્રમાણ ખુબ ઝડપથી વધી રહયું છે, જે ફરી પાછા સમાજની પરંપરાગત પૈતૃક હોવાને કારણે અસમાનતા વારંવાર ઉપસ્થિત થાય છે. આ આંકડાઓ દર્શાવે છે કે જિલ્લો વસ્તી સંક્રમણના બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે અને તેનો અર્થ એવો થયો કે આવનારા દાયકાઓમાં આ તફાવત પ્રમાણ હજી વધુ થવાની શક્યતાઓ રહેલી છે.

**(૪) બાળ વસ્તીનું પ્રમાણ**

**Table 4**

**રાજય અને જૂનાગઢ જીલ્લાના સંદર્ભમાં બાળ વસ્તીનો કુલ વસ્તીમાં ટકાવારી હિસ્સો**

| State/District | P | M | F |
|---|---|---|---|
| Gujarat | 11.04 | 11.21 | 10.86 |
| Junagadh | 9.90 | 10.13 | 9.66 |

Source: census India 2011

કુલ વસ્તીમાં બાળ વસ્તીનું પ્રમાણ એ પ્રજનન દરનો નિર્દેશક છે અને રાજ્યમાં બાળ વસ્તીનું આ પ્રમાણ જિલ્લાની સરખામણીમાં વધુ છે. આ તફાવતનું પ્રમાણ ૧% જેટલું છે. બાળ વસ્તીના જાતિગત પ્રમાણમાં પણ આ તફાવત ૧% જેવું છે.

Vol. 5, Issue: 12, December: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

**૪.સમીક્ષા**

પ્રસ્તુત પ્રકરણમાં મુખ્યત્વે ગુજરાત રાજય અને જૂનાગઢ જિલ્લાની સરખામણી કેટલાક આર્થિક માપદંડો અને સુવિધાઓનાં આધારે કરવામાં આવેલ છે. જેનાથી ગુજરાતના આર્થિક વિકાસ અને જૂનાગઢ જિલ્લાના આર્થિક વિકાસ અંગેનું ચિત્ર સ્પષ્ટ થઇ શકે તેનાં માટે ઘણી બધી આંકડાકીય માહિતીનો પણ ઉપયોગ કરવામાં આવેલ છે. આ માહિતીમાં મુખ્યત્વે રાજયની ઘરેલું પેદાશ અને માથાદીઠ આવક, ખેતી અને આનુષંગિક ક્ષેત્રો ખેત ઉત્પાદન, વસ્તીની સરખામણી જેમાં શહેરી અને ગ્રામ્ય વસ્તી, સ્ત્રી-પુરૂષ પ્રમાણે વસ્તી વૃદ્દિધ દર તફાવત, બાળ વસ્તી પ્રમાણ, સાક્ષરતા દર, વસ્તીગીચતા, જાતિ મુજબ સાક્ષરતા, જિલ્લા સાક્ષરતા પ્રમાણ રહેઠાણ અનુસાર વસ્તી પ્રમાણનો સમાવેશ થાય છે.